# જુલાઈમાં અલ-નીનો ત્રાટકશે ઓસ્ટ્રેલીયાએ અલર્ટ જારી કર્યું

નવી દિલ્હી, તા.૮

ઓસ્ટ્રેલિયાએ એલ-નીનો એલર્ટ જારી કરતા આ વર્ષે નબળા ચોમાસાનો ભય વધુ તીવ્ર બન્યો છે. પશ્ચિમના વિજ્ઞાનીઓએ પણ અગાઉ ચેતવણી આપેલી છે કે હવામાનની ભયાવહ સ્થિતિ અત્યાર સુધીમાં સૌથી તીવ્ર પુરવાર થઈ શકે છે. આ તાજો અહેવાલ વિશ્વભરના હવામાન વિભાગો અને કંપનીઓ દ્વારા પેસીફીક સમુદ્રમાં આકાર લઈ રહેલી સ્થિતિ અંગેની ચેતવણી વધુ ઘેરી બની રહી હોવાનો સંકેત આપે છે.

ભારતના હવામાન વિભાગે નબળા ચોમાસાની આગાહી કરેલી છે અને જણાવ્યું હતું કે અલ નીનોની સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. અલનીનોની અસરથી વિશ્વના વિવિધ ભાગોમાં દુષ્કાળ કે પુરની સ્થિતિ ઉભી થઈ છે અને તેનાથી વિશ્વભરમાં કોમોડીટીની ભાવમાં ઉછાળો આવી શકે છે. ઓસ્ટ્રેલિયના હવામાન બ્યુરોએ જણાવ્યું હતું કે અલનીનો બે મહિનામાં ત્રાટકી શકે છે. અલનીનો અંગેના તાજેતરના વિશ્લેષણમાં બ્યુરોએ જણાવ્યું હતું કે, 'બ્યુરોએ સર્વે કરેલા કલાઈમેટ મોડલ સૂચવે છે કે જુલાઈમાં અલ નિનોની ગતિવિધિ જોવા મળી શકે છે. આ પરિબળો દર્શાવે છે કે ૨૦૧૪માં અલનીનોની ગેરંટી આપી શકાય નહીં પરંતુ આવી શકયતા ઓછામાં ઓછી ૭૦ ટકા રહેલી છે અને અમે અલ નીનો એલર્ટ સ્તરે છીએ.' વિશ્વ હવામાન સંસ્થાએ જણાવ્યું હતું કે પુર્વથી પશ્ચિમ તરફ ફુંકાતા પવન હળવો પડયો છે અને બીજી હવામાન સંબંધીત ઘટનાઓથી મધ્ય પેસીફીક સમુદ્ર નોંધપાત્ર ગરમ થયો છે. આ સ્થિતિ સામાન્ય રીતે અલનીનોનો પુર્વ સંકેત આપતી હોય છે સંસ્થાના અહેવાલમાં જણાવાયું છે કે, 'મોડલ ફોરકાસ્ટ અલનિનોની મોટી શકયતાનો સંકેત આપે છે જે ૨૦૧૪ના બીજા ત્રિમાસિક ગાળાને અંતે આવી શકે છે.' ભારતના સંદર્ભમાં તે ખાસ મહત્વ ધરાવે છે. કારણ કે ભારતમાં છેલ્લા ત્રણ કે ચાર દુષ્કાળ પણ અલનીનોની સાથે આવ્યા હતા. ખાસ કરીને ૨૦૦૯માં ખાદ્ય ચીજવસ્તુઓનો ફુગાવો ૨૦ ટકા સુધી વધ્યો હતો. ખરીફ મોસમમાં ચોમાસાની સ્થિતિનો પડકાર નવી સરકાર માટે ટોચનો એજન્ડા બની શકે છે.

ભારતમાં જૂન-સપ્ટેમ્બર ચોમાસુ કૃષિ ઉત્પાદન અને આર્થિક વૃદ્ધિ માટે મહત્વનું છે, કારણ કે ભારતનું આશરે ૬૦ ટકા કૃષિ ક્ષેત્ર વરસાદ પર આધાર રાખે છે. ભારતના આશરે બે ટ્રીલીયન ડોલરના અર્થતંત્રમાં કૃષિ ઉત્પાદન આશરે ૧૪ ટકા હિસ્સો આપે છે, પરંતુ ભારતની વિશાળ વસતી માટે ચોમાસુ સીધી કે આડકતરી રીતે મોટી અસર કરે છે.

# મોદી સરકારનાં મહત્વના મંત્રાલયમાં કોને પસંદ કરાશે

ગાંધીનગર, તા.૮

આગામી તા. ૧૬ના લોકસભા ચૂટણીના પરિણામો બાદ કેન્દ્રમાં ભાજપ નેતૃત્વની એનડીએ સરકાર અને વડાપ્રધાનપદે શ્રી નરેન્દ્ર મોદી હશે તેવું નિશ્ચિત માનીને પ્રચારમાંથી હવે ફુરસત મેળવી રહેલા ભાજપના નેતાઓ મોદી કેબીનેટમાં કોણ હશે અને કોને કયાં વિભાગો સોંપાશે તેની ચર્ચા અને આડકતરી દાવેદારી કરી રહ્યા છે. મોદી જે સરકારના વડા હોય ત્યાં અમિતાભ બચ્ચન જેવી સ્થિતિ હોય તે નિશ્ચિત છે કે એકથી ૧૦ સ્થાને મોદી હોય અને પછી ૧૧માં ક્રમે કોણ તેની ચિંતા કરવાની રહે છે.

મોદી જો વડાપ્રધાન બને તો તેની સૌથી મોટી પ્રાથમિકતા અર્થતંત્ર અને આંતરીક સલામતી હશે આંતરીક સલામતી એ મોદીનો પ્રિય વિષય છે. તો અર્થતંત્ર ચિંતા તે અરૂણ જેટલીને સોંપી શકે એ બધુ નિશ્ચિત છે કે મોદી મંત્રીમંડળમાં બીજા પ્રભાવી નેતા અને મોદીનાં વિશ્વાસુ તરીકે શ્રી જેટલી જ હશે. અર્થતંત્રમાં આકરા નિર્ણયો લેવાના છે અને તેના કાનુની મુદ્દા સહીતના પ્રવાહો પણ સમજવા માટે જેટલી જ શ્રેષ્ઠ વ્યકિત છે તેવું જણાય છે. મોદીની બીજી ચિંતા ગૃહ મંત્રાલયની હશે સલામત ગુજરાતને આગળ ધરી તેઓ દેશમાં આંતરીક સુરક્ષાની ચિંતા કરશે. તેવા દાવા સાથે તેઓ, વડાપ્રધાન પદની દાવેદારી કરી રહ્યા છે તેથી આ પદ પર મોદી તેમનાં જ જેવા કોઈ આકરા નિર્ણયો લઈ શકે તેવા ચહેરાની તલાશ છે. મોદી વિદેશ મંત્રી તરીકે પણ ચીન-પાકને જવાબ આપી શકે અને અમેરિકા સાથે ટક્કર ઉભા રહી શકે તેવા ચહેરાની તલાશ હશે. આ માટે યશવંતસિંહા જયારે વાજપેયી સરકાર સમયે વિદેશ મંત્રી હતી તે સંભવત ફેવરીટ બની શકે છે તો સુષ્મા સ્વરાજ જેઓ ભલે મોદીની કિચન કેબીનેટમાં નહીં હોય છતાં તેઓ જે રીતે પ્રભાવી નેતા છે તેથી તેઓને વિદેશ મંત્રી બનાવી શકાય તેમ છે.

મોદી આ ઉપરાંત શ્રી અમીત શાહને વડાપ્રધાન કાર્યાલયનાં રાજયકક્ષાનાં મંત્રી બનાવી શકે છે તો રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે ઈન્ટેલીજન્સ બ્યુરોનાં પૂર્વ વડા અને ત્રાસવાદ અલગતાવાદ વિરદી ઓપરેશનથી જાણીતા અજીત દોવાલને તક આપી શકે છે. તેઓને વિદેશી બાબતોનો પણ સારો અનુભવ છે. તે તેમના મદદરૂપ બની શકે છે. ભાજપમાં મોદીનાં વિશ્વાસુમાં શ્રી રવિશંકર પ્રસાદને પણ કોઈ મહત્વનું પદ મળી શકે છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે શ્રી એલ.કે. અડવાણીનો છે જે લોકસભામાં આવ્યા બાદ એનડીએનાં નેતા તરીકે બેસી શકે છે અને જયારે પ્રણવ મુખરજી નિવૃત્ત થાય તો રાષ્ટ્રપતિ પદે તેઓને ભાજપ બેસાડી શકે છે.

# દરિયાઈ સુરક્ષા માટે મોદી સરકાર બેદરકાર : કોંગ્રેસ

## ૧૬૦૦ કરોડનું હેરોઈન લઈ જતી બોટ ગુજરાતથી નિકળી છતાં પોલીસને ખબર ન પડી : અર્જુન મોઢવાડીયાના પ્રહારો

અમદાવાદ, તા.૦૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યં હતું કે અગાઉ ગુજરાત સોનાની દાણચોરી માટે સ્વર્ગ સમાન ગણાય છે તે જ રીતે છેલ્લા ઘણા સમયથી ગુજરાતનો દરિયા કિનારે ડ્રગ્સની હેરાફેરી માટે સ્વર્ગ બનતું જાય છે. મુંબઈ ૨૬/૧૧ના આતંકવાદી હુમલા બાબતે ગુજરાતના દરિયા કિનારાનો આતંકવાદીઓએ ઉપયોગ કર્યો હતો અને કુબેર બોટ દ્વારા તેઓએ આતંકવાદી કૃત્યને અંજામ આપ્યો તે સમયેની ભાજપ સરકારની દરિયાઈ સુરક્ષા માટેની અસંવેદનશીલતા - નિષ્ક્રિયતા ખુલ્લી પડી ગઈ હતી. સામાન્ય રીતે ડ્રગ માફીયાઓ અફગાનિસ્તાન, પાકિસ્તાન, નેપાળ, બર્માનો રૂટ પસંદ કરતા હતા પરંતુ હવે આ ડ્રગ માફિયાઓને ગુજરાતનો રૂટ સ્વર્ગ લાવી રહ્યો છે. ફરી એક વખત ગુજરાતના દરિયાઈ કિનારા પોપાબાઈના રાજ હોય તે રીતે નિર્ભયપણે રૂા. ૧૬૦૦ કરોડનું ૧૦૩૨ કિગ્રામ હેરોઈન લાખો યુવાનોનું જીવન બરબાદ કરી શકે તે જથ્થા અંગે ગુજરાત પોલીસ ઉંઘતી રહી અને ઓસ્ટ્રેલિયન નેવીએ ઓપરેશન પાર પાડ્યું. ઘોડા ભાગી જાય પછી તબેલાને તાળાના અભિગમ સાથે ફરીથી ગુજરાતની ભાજપ સરકાર તપાસ માટે કાગળ પર આદેશ આપ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારને મરીન પોલીસ માટે કરોડો રૂપિયા ગુજરાતને ફાળવ્યા પણ આજદિન સુધી એક પણ મરીન પોલીસ સ્ટેશન કાર્યરત થયું નથી. પેટ્રોલીંગ માટે બોટ આવેલી છે. પરંતુ આ બોટ ચલાવવા માટે જરૂરી સ્ટાફ ભરેલો નથી અને ડીઝલ અપાતું નથી. મરીન સિક્યોરીટી ઈકવીપમેન્ટ પણ ખરીદવામાં મોદી સરકારે મોટા પાયે ગોલમાલ કરવામાં આવી છે. મુંબઈ આતંકવાદી ૨૬/૧૧ના હુમલા પછી પણ ભાજપ સરકારનું પેટનું પાણી હલતું નથી. રૂા. ૧૬૦૦ કરોડના હેરોઈનના જથ્થા સાથે પકડાયેલ બોટ સપ્લાયના હાજી બશીર કથિયારીએ ભાડે લીધી હતી તેના બે ભાઈઓ હાજી અજીજ કુંગડા સલાયા ભાજપના મહત્વનો આગેવાન છે અને હાજી અબ્દુલ કરીમ કુંગડા સલાયા નગરપાલિકાના ભાજપના નિશાન પર ચૂંટાયેલા સભ્ય છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સદભાવના ઉપવાસ વખતે જામનગર અને દ્વારકા ખાતે તેમની પુરતી સરભરા આ ભાઈઓએ કરી હતી. ગુજરાતમાં ગત મહિને મણીનગરની એક કુરીયર કંપનીમાંથી નશીલા દ્રવ્યો પકડાયેલ હતા, અગાઉ ૬૦૦ ગ્રામ હેરોઈન પકડાયેલું હતું. ગુજરાતમાં ચરસની ગોળીઓ અને અન્ય નશીલા પદાર્થોનું મોટા પાયે વેચાણ થઈ રહ્યું છે ગુજરાતના યુવાધનને નશાની લતમાંથી બચાવવાની જવાબદારી રાજ્ય સરકારની છે. જેમાં રાજ્ય સરકાર સંપૂર્ણ પણે ઉદાસીનતા દાખવી રહી છે. સાહેબની સલામતીમાં અને સાહેબની સુચનાનુસાર વિશેષ જાસુસી માટે વ્યસ્ત પોલીસ તંત્રને કારણે ડ્રગ્સ અને નશીલા પદાર્થનું બેફામ વેચાણ ચાલી રહ્યું છે. રૂા. ૫૦૦૦ કરોડના હવાલા કૌભાંડના મુખ્ય આરોપી ગુજરાતમાં મુખ્યમંત્રી તથા ભાજપના વરિષ્ઠો સાથે નિકટનો નાતો હોય તે રીતેના ફોટોગ્રાફસ પ્રસિધ્ધ થયા છે. રાજ્યમાં મુખ્યમંત્રીના નિવાસ સ્થાનથી ૩૦ કિમીના અંતરે આવેલી સાબરમતી જેલમાં ૨૦૦ ફુટ સુરંગ ખોદાય જાય છતાં સાહેબ સબ સલામતનો રાગ દેશમાં આલાપે, શું આ ગુડ ગર્વનન્સની વ્યાખ્યા ? ગુજરાતમાં ૧૬૦૦ કિમીનો દરિયાઈ કિનારે ગુજરાતના વિકાસનો માર્ગ બને તે દિશામાં જવાબદેહી - વ્યવસ્થાપન ઉભી કરવાને બદલે સોનાની દાણચોરી, નકલી ચલણી નોટો, હથિયારો, બાદ ડ્રગ્સ માફીયા માટે સલામત રસ્તો બની ગયો તે રીતની ઘટનાઓ બની રહી છે બીજી બાજુ દેશમાં વારંવાર સુરક્ષા મુદ્દે સલાહકારની ભૂમિકા અદા કરનાર ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર રૂા. ૧૬૦૦ કરોડના હેરોઈન - ડ્રગ્સ હેરાફેરી મુદ્દે કેમ ચૂપ છે ? દેશની જનતા જવાબ માંગે છે.

# ખેડબ્રહ્મા તાલુકાના અંબાઈગઢા ગામે જુથ અથડામણમાં પોલીસ પર હુમલો

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા તાલુકાના અંબાઈગઢા ગામે થોડા સમય અગાઉ ભીખાભાઈ રાધુભાઈ સેલોતના ભત્રીજા રમેશભાઈ અને રાકેશભાઈ વચ્ચે ટ્રેક્ટરમાં બેસવા માટે બોલાચાલી થયેલી હતી જેને લઈ રાકેશભાઈએ ઝેરી દવા પી લઈ મૃત્યુ પામેલા આ ઘટનાને લઈ ભીખાભાઈ અને તેમનો પરીવાર અંબાઈગઢા ગામ છોડી બીજા ગામમાં તેમના સગા સંબંધીઓને ત્યાં રહેતા હતા. પણ ગણા સમય બાદ બુધવારના રોજ અંબાઈગઢા તેમના ઘરે પરત ફરેલા જેથી અગાઉના બનાવની અદાવત રાખી આરોપીઓએ એક સંપ થઈ સાંજના ૮ થી ૯.૧૫ના સમય દરમ્યાન હાથમાં તલવાર, ધારીયુ, લાકડીઓ જેવા હથીયાર લઈ મારો કાપોની બુમો પાડતા ભીખાભાઈના ઘરમાં ઘુસી ગયેલા અને ઘરમાં સરસામાનની તોડફોડ કરી રૂપિયા પાંચ હજારનું નુકશાન કરી તથા ઘરમાં રાખેલ સોના-ચાંદીના દાગીના આશરે ૧,૦૭૫૦૦ની કિંમતના લુટી લીધા હતા અને ભીખાભાઈના સંબંધીઓને માર મારી ઘરના દરવાજા તોડી નાંખી તેઓને મારી નાખવાની ધમકીઓ આપી હતી.

આ અંગે ભીખાભાઈએ ખેરોજ પોલીસને જાણ કરતા પોલીસ અંબાઈગઢા આવી પહોંચતા આરોપીઓના ટોળાએ પોલીસની ગાડી પર પથ્થર મારો કરી પોલીસની જીપ ગાડીને પણ નુકશાન કરી પોલીસના કામમાં અવરોધ ઉભો કર્યો હતો. તે બાબતે ભીખાભાઈ રાધુભાઈ સેલોત રહે. અંબાઈગઢા હાલ રહે. થલવાડા, તા. દાંતા, એ. ખેરોજ પોલીસ સ્ટેશનમાં ૩૪ આરોપીઓ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી. આ ઉપરાંત પોલીસના કામમાં અડચણ ઉભી કરવા બદલ ૧૮૬. ૩૪ અને પબ્લીક પ્રો. એક્ટ ૩ અને ૪ સહીત આઈ.પી.સી. કલમ મુજબ ગુનો નોંધાયો હતો.

# સિવિલ કમ્પાઉન્ડમાં વિના મૂલ્યે અપાતી ઠંડી છાશનું વિતરણ જૂન માસ સુધી કરાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં મધુભાઈ શેઠ દ્વારા જુસીકાના સહયોગથી જાહેર જનતા માટે વિના મૂલ્યે મફત છાશનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. છાશ વિતરણ કરવાનો સમયગાળો એક મહિનો રાખવામાં આવ્યો હતો. આ કેન્દ્ર આગામી બે મહિના માટે ચાલુ રાખવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં જુનિયર સિટિઝન કાઉન્સિલની ઓફિસ પાસે ગઈ તા. ૨૧ માર્ચથી સ્વ. રંજનબેન શેઠના સ્મરણાર્થે તેમના સ્વજન મધુભાઈ શેઠ દ્વારા ઉનાળાની બળબળતી ગરમીમાં નગરજનોને ઠંડક આપવા માટે મફત ઠંડી છાશ વિતરણ કરવામાં આવી રહી છે ત્યારે આ છાશ વિતરણ વધતી જતી ગરમીને કારણે તા. ૨૧ જુન સુધી અવિરત ચાલુ રાખવામાં આવશે. નગરજનો છંડી છાશની મજા માણી શકે તે માટે શહેરના જાણીતા વેપારી જયોતિન્દ્રભાઈ વ્યાસ દ્વારા ડીપ ફ્રિઝરની સેવા પુરી પાડવામાં આવી છે.

# લક્ષ્મીપુરાની કે.એલ. હોસ્પિટલના તબીબે યુવકના પેટમાંથી ૩૦૦ ગ્રામની પથરીની ગાંઠ કાઢી

લક્ષ્મીપુરા, તા.૮

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા સ્થિત કે.એલ. હોસ્પિટલ આવેલી છે. જયાંના તબીબોએ આજે લાંબી શસ્ત્રક્રીયા બાદ પથરીના દર્દથી પીડાતા યુવકના પેટમાંથી ૩૦૦ ગ્રામની વજનદાર પથરી કાઢી યુવકને નવું જીવન આપ્યું છે.

પ્રાપ્ત મહિતી અનુસાર ગુજરાતના પડોશી રાજય રાજસ્થાનના સાદરડી ગામના મૂળ વતની હકરાભાઈ જોઈતાભાઈ મીણા છેલ્લા ઘણા સમયથી પથરીના દર્દથી પીડાતા હતા. અસંખ્ય દવાખાના અને હોસ્પિટલમાં પગથિયા ઘસી નાખ્યા હતા. તેમ છતાં દર્દથી છૂટકારો મળ્યો ન હતો.

આથી થોડા સમય પહેલા દર્દીના પરિવારજનો રાજસ્થાનથી દર્દીને ગુજરાતના ખેડબ્રહ્માના તાલુકાના લક્ષ્મીપુરા ગામે શેઠ કે.એલ. હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જયાં તબીબોએ દર્દીના રીપોર્ટ કરાવ્યા હતા અને પેટમાં મોટી પથરી હોવાનું જણાવ્યું હતું. બાદમાં આજે



(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

હોસ્પિટલના તબીબ ડૉ. હેમંત ચૌધરીની ટીમ દ્વારા પથરીના દર્દથી પીડાતા યુવાનનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. તબીબે કલાકોની લાંબી શસ્ત્રક્રીયા બાદ દર્દીના પેટમાં રહેલી કિડની અને પેશાબની કોથળીને જોડતી નળીમાંથી ૩૦૦ ગ્રામની વજનની પથરીને બહાર કાઢી હતી અને પથરીના દર્દથી પીડાતા યુવાનને દર્દમાંથી છૂટકારો અપાવ્યો હતો અને નવું જીવન આપ્યું હતું. તબીબ હેમંત ચૌધરીની આ સરાહનીય કામગીરી બદલ સર્વેએ અભિનંદન પાઠવ્યા હતા.

# વિર સાવરકરની ૧૩૨મી જન્મજયંતિ નિમિત્તે વિધાનસભા અધ્યક્ષ પુષ્પાંજલિ અર્પશે

ગાંધીનગર, તા.૮

ક્રાંતિવીર વિનાયક દામોદર સાવરકરની ૧૩૨મી જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. આગામી તા. ૨૮ મેના રોજ વીર સાવરકરની વિધાનસભા પોડિયમમાં આવેલ તૈલચિત્રને સવારે ૧૧-૦૦ વાગે વિધાનસભાના અધ્યક્ષ પુષ્પાંજલિ અર્પણ કરશે.

ક્રાંતિવીર વિનાયક દામોદર સાવરકરનો જન્મ મહારાષ્ટ્ર રાજયના નાસિક જિલ્લાના ભગુર ખાતે તા. ૨૮ મે ૧૮૮૩ના રોજ થયો હતો અને તેમનું અવસાન તા. ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬ના રોજ થયું હતું. વીર સાવરકરે પુનાની ફર્ગ્યુસન કોલજમાં ઉચ્ચ અભ્યાસ કર્યા બાદ કાયદાના અભ્યાસ અર્થે ઈગ્લેન્ડ ગયા ત્યાં જઈને ફ્રી ઈન્ડિયા નામની સંસ્થા સ્થાપી. આઝાદી માટેની ક્રાન્તિકારી ચળવળ શરુ કરી હતી. તેમને અમાનવીય દશામાં ચૌદ વર્ષનો જેલવાસ ભોગવ્યા બાદ તેમને મુકિત આપવામાં આવી હતી. ઈ.સ. ૧૯૩૭-૪૭ દરમિયાન તેમણે ભારતને અખંડિત રાખવા અથાગ પ્રયત્નો કર્યા હતાં.

## શબ્દાવલી - ૫૩૮૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | | | |
| ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | |
| | ■ | ૧૨ | | | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | ■ | | ■ | ૧૫ | ■ | |
| ૧૬ | | | | | ૧૭ | ૧૮ | ■ |
| ૧૯ | | ■ | | | ૨૦ | | ૨૧ |
| ૨૨ | | | | | ■ | ૨૩ | |

### આડી ચાવી

૧. સમય દર્શાવતું યંત્ર (૪)
૪. એક કડવા સ્વાદનું શાક(૩)
૭. ૧૨મી સંખ્યાનું માપ (૩)
૮. એક નાનું ચોપગુ પ્રાણી(૪)
૯. પળ, ક્ષણવાર (૨)
૧૦. પક્ષીનું મોં (૨)
૧૧. કોણ, શું પ્રશ્નાર્થ (૨)
૧૨. બિચારી (૩)
૧૩. એના જેવા (૨)
૧૬. આશા વિનાનું, હેલ્પલેસ જેવું (૪)
૧૭. ચીડ, ગુસ્સો, અનુકંપા(૨)
૧૯. ટકલી, ટાલ (૨)
૨૦. આશ્ચર્ય, અચરજ (૩)
૨૨. લપસણીનું એક નામ આડુઅવળું (૫)
૨૩. ખુશ, પ્રસન્ન (૨)

### ઊભી ચાવી

૧. વૃદ્ધાવસ્થા, જરાવસ્થા (૪)
૨. પેટ્રોલ અને... થી ગાડી ચાલે (૩)
૩. વાહન (૨)
૪. .... ળ, આડખીલી હોય તેને પતાવી દેવું જેવો અર્થનો શબ્દ બને(૨)
૫. 'એક્કો રે' શબ્દ આડોઅવળો (૪)
૬. ધંગધડા વગરનું, અવ્યવસ્થિત (૫)
૮. મગ-ચોખાનો શીરો, બિમાર માણસ માટે સારી (૩)
૧૦. ચાપલુસી, ચબાવલાપણું(૬)
૧૪. છીંકણી, કંદ કે શીંગોડાનો લોટ (૪)
૧૫. આપવું તે, ... કરવું (૩)
૧૬. ચા-પાણી નાસ્તાની દુકાન(૩)
૧૮. ગૌરીવ્રતમાં... વાવવામાં આવે છે (૩)
૨૧. સહેલુ, સરલ (૨)

## શબ્દાવલી ૫૩૮૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) પોલીસ (૫) વાદ (૭) ચમકદમક (૯) કુડો (૧૦) ફળો (૧૧) પાન (૧૨) વન (૧૩) મન (૧૪) ઘાયલ (૧૫) ઘર (૧૬) વરતારો (૧૮) મેખલા (૨૦) લપટવું (૨૧) વઘાર

**ઊભી ચાવી :-** (૧) પોચકું (૨) લીમડો (૩) સક (૪) કામળો (૬) દશાનન (૮) દફન (૧૧) પામર (૧૨) વલવલાટ (૧૪) ઘાલમેલ (૧૫) ઘરોઅવ (૧૭) લગાર (૧૯) ખપ


## કંપની સમાચાર

### હોમિયોપેથી ભારત સહિત સમગ્ર વિશ્વમાં સૌથી વધુ પસંદગીની અને કિફાયતી સારવાર પદ્ધતિ તરીકે સ્વિકૃતિ પામી રહી છે

વિશ્વ આરોગ્ય સંસ્થા અનુસાર હોમિયોપેથી એ હાલ વિશ્વમાં બીજા ક્રમની સૌથી મોટી તબીબી પદ્ધતિ છે. દુનિયામાં ૫૦૦ મિલિયનથી વધુ લોકો તેનો ઉપયોગ કરે છે. ૨૦૧૭ સુધીમાં વૈશ્વિક સ્તરે હોમિયોપેથીનું બજાર રૂા. ૫૨.૦૦૦ કરોડને સ્પર્શશે. વૈશ્વિક હોમિયોપેથી બજારમાં ૩૦૦ મિલિયન યુરો સાથે ફ્રાન્સનો હિસ્સો સૌથી મોટો છે. ત્યારપથીના ક્રમે ૨૦૦ મિલિયન યુરો સાથે જર્મની બીજા ક્રમે છે. યુકેમાં હોમિયોપેથી હોસ્પિટલ્સએ નેશનલ હેલ્થ સર્વિસનો ભાગ છે.

૨૦૧૭ની સાલ સુધીમાં ભારતીય હોમિયોપેથી માર્કેટ ૫,૮૭૩ કરોડને સ્પર્શે તેવી શકયતા છે. હોમિયોપેથીના વપરાશકર્તાઓ વધી રહ્યા હોવાને પગલે તે પરંપરાગત ફાર્માસ્યુટીકલ ઉદ્યોગના ૧૩-૧૫ ટકાના વૃદ્ધિ દરની સરખામણીએ ૨૫-૩૦ ટકાના દરે વૃદ્ધિ પામે તેવી અપેક્ષા છે. વિશ્વના ૮૫ ટકા દેશોમાં હોમિયોપેથીની પ્રેકટીસ કરાય છે. ભારતમાં પણ ૧૫૦ મિલિયન લોકો હોમિયોપેથીની સારવાર પર વિશ્વાસ મુકે છે. ૮૦ ટકા લોકો એવું માને છે કે એલોપેથીને કારણે થતી આડઅસરોને પગલે હોમિયોપેથી વધુને વધુ લોકપ્રિય બની રહી છે. ભારતમાં હાલ ૩,૦૦,૦૦૦થી વધુ કવોલિફાઈડ હોમિયોપેથી પ્રેકિટશનર્સ ૭,૫૦૦થી વધુ સરકારી કિલનિકસ, ૩૦૭ હોસ્પિટલ્સ અને યુનિવર્સિટી સાથે સંલગ્ન ૧૮૦ ટીચિંગ ઈન્સ્ટિટ્યૂટસ આવેલાં છે.


## દંડ નહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાતુ ખોલાવી શકશે અને ઓપરેટ પણ કરી શકશે. નાણાંકીય વ્યવહારોને પ્રમોશન આપવાના હેતુસર આરબીઆઈએ આ છૂટ આપી છે. આરબીઆઈએ વધુમાં જણાવ્યું હતું કે કોઈપણ વયના સગીર ખાતેદાર હવેથી બચત, ફિક્સ ડીપોઝીટ કે રિકરીંગ બેન્ક ખાતુ ખોલાવી શકશે. ૧૦ વર્ષથી નીચેના સગીર તેના કાયદેસરના વાળા અથવા તો કાયદાકીય રીતે નિમણૂંક પામેલા વાલી દ્વારા આ ખાતુ ખોલાવી શકશે. જ્યારે ૧૦ વર્ષથી ઉપરના સગીર જરૂરી લઘુત્તમ દસ્તાવેજો લઈને પોતાનું ખાતુ ખોલાવી શકશે. આરબીઆઈ સગીર વયના બેન્ક ખાતામાં બેન્ક એટીએમ, ડેબીટ કાર્ડ, ઈન્ટરનેટ બેન્કીંગ અને સ્ટોક બુક જેવી સુવિધાઓ પણ આપી શકશે. આ માટે બેન્કો સગીરની ઉંમર પ્રમાણે સુરક્ષાના હેતુ ધ્યાનમાં રાખીને છુટછાટ આપી શકે છે.

## ભયાનક ગાબડું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અજાણ્યા કોઈ વ્યક્તિનો અંધકારમાં ભુલથી પગ પડી ગયો તો તે જીવલેણ અકસ્માતમાં તબદીલ થઈ શકે છે. ઘણા સમયથી આ ગંભીર સ્થિતિ અત્રે સર્જાયેલ હોવા છતાં તંત્રની ઘોર બેદરકારી છતી થઈ રહી છે. દૈનિક અનેક લોકો અહીંથી પસાર થાય છે જેમાં નાના બાળકો અને વૃદ્ધો પણ હોય છે જેથી આ ગાબડુ કોઈ નિર્દોષનો ભોગ લેશે તેવી શંકાઓ સેવાઈ રહી છે.

તંત્ર દ્વારા આ અંગે સત્વરે કામગીરી હાથ ધરી શહેરીજનોની સુરક્ષા અને સુવિધા વધારવા અને જાળવવા પ્રયાસો કરવા જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

## જુઠ્ઠાણું ચલાવ્યું...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગ્રેસર જ્ઞાતિઓ માટે વપરાતો હતો. જેમ કે, મોઢ બ્રાહ્મણ, મોઢ વાણીયા અને તેલનો મોટાપાયે વેપાર કનરારા મોટા બિઝનેસમેન માટે મોઢ ઘાંચી શબ્દ વપરાતો હતો. આ કારણોસર જ આઝાદી આવ્યા બાદ દેશમાં અને ગુજરાતમાં ક્યારેય પણ કોઈપણ મોઢને પછાત જ્ઞાતિ કે બક્ષીપંચમાં સમાવવામાં આવેલ ન હતી. કેન્દ્રમાં ૨૦૦૦માં એનડીએની સરકાર હતી અને ગુજરાતમાં ભાજપની સરકાર હતી, તેમજ નરેન્દ્ર મોદી રાજકારણમાં સક્રિય અગ્રેસર બન્યા ત્યારે પોતાના રાજકીય લાભ અને પોતાની જ્ઞાતિ તથા પરીવારના આર્થિક લાભ માટે પોતાની જાતિ મોઢ ઘાંચીને ઓબીસીમાં સંદતર ખોટી રીતે દાખલ કરી દીધેલ છે. ગોહિલે વધુમાં જણાવ્યું કે નરેન્દ્ર મોદીની જાતિ ઓબીસીમાં હતી જ નહીં, જ્યારે ૨૦૦૧માં નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી બન્યા ત્યારબાદ તા. ૧-૧-૨૦૦૨ના પરીપત્રથી ઓબીસીની યાદીક્રમાંક-૨૩ કે જેમાં માત્ર ઘાંચી (મુસ્લિમ) હતા, તેમાં મોઢ ઘાંચીનો ઉમેરો કરીને સમગ્ર ઓબીસી જાતિના અધિકાર ઉપર મોદીએ પોતાના સ્વાર્થ માટે તરાપ મારી છે. પછાત જાતિઓમાં એક વિકસિત અને શ્રીમંત જાતિનો ઉમેરો થવાથી સરકારી નોકરીઓમાં અને અન્ય યોજનાઓમાં લાભ મેળવતી ખરેખર સાચી પછાત જાતિઓને અન્યાય થયો છે. પછાત જાતિઓના અધિકારો ઉપર મોદી દ્વારા અતિક્રમણ થયું છે. આઝાદી આવી ત્યારથી ૨૦૦૨ સુધીમાં કેન્દ્રમાં અને ગુજરાતમાં અનેક સરકારે જુદા જુદા પક્ષની આવી પરંતુ આટલા લાંબા સમયગાળા સુધી કોઈપણ સરકારે મોઢને પછાત ગણવાનું યોગ્ય માન્યું ન હતું.

ગુજરાતના નકલી એન્કાઉન્ટરની જેમ જ ગુજરાતના મુખ્યમંત્રી નકલી ઓબીસી છે. તેઓ ઉચ્ચ જાતિમાં જન્મેલા છે અને નીચી કક્ષાનું રાજકારણ કરે છે. માણસની માનસિકતાને માણસની જાતિ સાથે કાંઈ લેવાદેવા હોતી નથી. બાબાસાહેબ આંબેડકરએ આ બાબતનું સૌથી મોટુ ઉદાહરણ છે. નરેન્દ્ર મોદી નીચી કક્ષાનું હલકું રાજકારણ કરે છે તે બદા જ જાણે છે અને જ્યારે કોઈ તેમની ગંદી હરકતો તરફ આંગળી ચીંધે ત્યારે સમગ્ર જાતિને પોતાના પાપ સાથે મોદી જોડે છે, તે સમગ્ર જાતિનું અપમાન છે. મોદીએ પોતે કરેલી હલકી કક્ષાની રાજનીતિની જવાબદારી સ્વીકારવાને બદલે સમગ્ર જાતિને પોતાની હલકી રાજનીતિના પાપ સાથે જોડીને સમગ્ર જાતિનું અપમાન કરેલ છે. મોદીની માનસિકતા જ ગરીબ, દલિત, બક્ષીપંચ અને લઘુમતિની વિરોધી છે.

## સમર્થકોથી છલકાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

વારાણસીમાં લંકા ચોક ઉપર ધરણા ઉપર બેસી ગયા હતા અને ત્રણ કલાક સુધી ધરણા ચાલ્યા હતા. બપોરે બે વાગે ધરણા પૂર્ણ થયા હતા. આ ગાળા દરમિયાન વારાણસીમાં ચૂંટણી રાજનીતિ ચરમસીમા પર પહોંચી હતી. અમિત શાહ, અરુણ જેટલી અને અનંત કુમારે કાશી હિન્દુ યુનિવર્સિટીના ગેટ ઉપર ધરણા કર્યા હતા અને ડીએમ પ્રાંજલ યાદવ ઉપર પક્ષપાતનો આક્ષેપ કર્યો હતો સાથે સાથે તેમની હકાલપટ્ટીની માંગ કરી હતી. દેખાવ અને ધરણા પ્રદર્શન દરમિયાન અમિત શાહે કહ્યું હતું કે, વારાણસીના ડીએમ અંગે એવું સાંભળવા મળ્યું છે કે તેઓ સપાના નેતા રામગોપાલના સંબંધી છે. અમિત શાહે આક્ષએપ કર્યો હતો કે, પાર્ટીના નેતાઓને કસ્ટડીમાં પણ લેવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે, વારાણસી જિલ્લા વહીવટીતંત્રએ મુસ્લિમ બહુમતિ વાળા બેનિયાબાગ વિસ્તારમાં મોદીની રેલીના કાર્યક્રમને સુરક્ષા કારણોસર મંજુરી આપી ન હતી. ભાજપના સ્થાનિક કાર્યકરોએ આજે આની સામે જોરદાર વિરોધ કર્યા હતા. ભાજપ અને અન્ય કેટલાક સમર્થકો વચ્ચે અથડામણ પણ થઈ હતી. ભાજપે ગંગાની આરતીની મંજુરી આપવામાં વિલંબને લઈને પણ આ કાર્યક્રમ રદ કર્યો હતો. બીજી બાજુ દિલ્હીમાં પણ ભાજપના વરિષ્ઠ નેતાઓએ ચૂંટણી પંચની સામે મોરચા સંભાળી લીધા હતા. વારાણસીમાં ભાજપના કાર્યકરો શક્તિપ્રદર્શનમાં ઉતર્યા ત્યારે તેમની સાથે ૫૦૦૦૦થી પણ વધુ લોકો જોડાયા હતા. અમિત શાહે આ અંગે જણાવ્યું હતું કે, તીવ્ર ગરમીની અંદર લોકો પહોંચ્યા છે જે દર્શાવે છે કે, મોદી પ્રત્યે લોકોને કેટલો પ્રેમ છે.


## અમદાવાદ જિલ્લા પંચાયત
### પંચાયત સિંચાઈ વિભાગ
### ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૧/૨૦૧૪-૧૫

કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત સિંચાઈ વિભાગ, જિલ્લા પંચાયત અમદાવાદ તરફથી અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના જુદા જુદા તાલુકાના ગામો માટે ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ ખાતાના કે નોંધાયેલ સહકારી મંડળીઓ / માન્ય કોન્ટ્રાકટરશ્રીઓ પાસેથી સી.આર.એફ. સદર હેઠળના કામોના ભાવપત્રકો (ટેન્ડર) મંગાવવામાં આવે છે. કામની અંદાજીત કિંમત રૂ. ૧.૨૪ લાખથી રૂ. ૪.૦૩ લાખ સુધીની છે. કુલ કામો ૧૪ છે. અ.નં. ૧ અને ૧૪ના કામ માટે મજુર કામદાર સહકારી મંડળીએ કામના કોરા ભાવપત્રકો (ટેન્ડરો) કચેરીના કામકાજના સમય દરમિયાન આપવાની છેલ્લી તા. ૧૫/૫/૨૦૧૪ તથા ભાવપત્રકો (ટેન્ડરો) રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૨૩/૫/૨૦૧૪ રહેશે.

મંડળીઓ તરફથી સ્પર્ધાત્મક ઓફરો આવેલ નહીં હોય તેવા કિસ્સામાં જ માન્ય કોન્ટ્રાક્ટરોને તા. ૨૬/૫/૨૦૧૪થી તા. ૨૯/૫/૨૦૧૪ સુધી કોરી ટેન્ડર કોપીનું આપવામાં આવશે. જે ભરીને સ્વીકારવાની છેલ્લી તા. ૭/૬/૨૦૧૪ રહેશે.

આ કામોની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. નોટિસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂમાં સંપર્ક કરવા વિનંતી છે.

ક્રમાંક/સંમાનિ/અમદ/૩૩/૨૦૧૪